ખેડબ્રહ્મામાં આંગડીયા પર ફાયરીંગ કરી લૂંટ કરનાર ચાર શખ્સો ઝડપાયા

સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા અને સુરેન્દ્રનગરમાં છ લૂંટને અંજામ આપ્યો હતો : મુખ્ય શખ્સ વડોદરાની સાવલી પોલીસે ઝડપી લીધો : ટ્રાન્સફર વોરંટથી હિંમતનગર લવાયો

હિંમતનગર, તા. ૧૫

ખેડબ્રહ્માની જનતા નાગરીક બેંક નજીક નવ માસ અગાઉ થેલામાં અંદાજે રૂ. ૧.૮૪ લાખની રોકડ બેંકમાંથી લઈને જઈ રહેલા આંગડીયા પેઢીના કર્મચારી પાસેનો આ થેલો ઝુંટવી વાહનમાં આવેલા અજાણ્યા શખ્સો ભાગવાનો પ્રયાસ કરતા હતા પરંતુ આ રોકડ ભરેલો થેલો આંગડીયા કર્મી પાસેથી ન છુટતા આખરે અજાણ્યા શખ્સોએ બે રાઉન્ડ ફાયરીંગ કરી અને આંગડીયા કર્મી પર છરીથી હુમલો કરી મોત નિપજાવી દીધા બાદ આ શખ્સો તમામ ચીજવસ્તુઓ છોડીને વાહનમાં ભાગી ગયા હતા. જેની લાંબી તપાસ બાદ સાબરકાંઠા એલસીબીને આ ગુનાનો ભેદ ઉકેલવા સફળતા મળી છે. જેમાં મુખ્ય સૂત્રધાર એવા શખ્સને બે દિવસ અગાઉ વડોદરા જિલ્લાની સાવલી પોલીસે ઝડપી લીધા બાદ તે ખેડબ્રહ્માની લૂંટમાં સંડોવાયેલો હોવાથી સોમવારે તેને હિંમતનગર લવાયો હતો. જોકે પોલીસે તપાસ દરમિયાન અન્ય ત્રણ શખ્સોને પણ ઝડપી લીધા હતા.

આ અંગે જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલીક તથા એલસીબીના પી.આઈ. એમ.ડી. ચંપાવત અને સ્ટાફના જણાવાયા મુજબ ખેડબ્રહ્માની જનતા નાગરીક બેંક આગળથી ગત તા. ૨૧-૧-૨૦૨૦ના રોજ માધવ આંગડીયા પેઢીના કર્મચારી કિરણભાઈ ઉર્ફે પ્રકાશભાઈ હરગોવિંદભાઈ નાયક (રહે. મક્તુપુર, તા. ઉંઝા, જિ. મહેસાણા) અંદાજે રૂ. ૧,૮૪,૬૭૦ની રોકડ ભરેલો થેલો લઈને માધવ આંગડીયા પેઢીમાં જઈ રહ્યા હતા ત્યારે એક સફેદ કલરની સ્વિફ્ટ ડીઝાયરમાં આવેલા અજાણ્યા શખ્સોએ લૂંટના ઈરાદે કિરણભાઈ પાસેનો થેલો ઝુંટવી લેવા માટે ખેંચતાણ કરી હતી પરંતુ કિરણભાઈએ આ થેલો હાથમાંથી છોડ્યો ન હતો જેથી અજાણ્યા શખ્સોએ બે રાઉન્ડ ફાયરીંગ કર્યુ હતુ. તેમ છતાં થેલો છોડાવવામાં સફળતા ન મળતા છાતીના ભાગે છરાથી ઈજા પહોંચાડી મોત નિપજાવ્યુ હતુ. ત્યારબાદ તરત જ આ શખ્સો તમામ ચીજવસ્તુઓ છોડીને ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ તપાસના ચક્રો ગતિમાન કરાયા હતા.

દરમિયાન આ કેસની તપાસ સાબરકાંઠા એલસીબીને સોંપાયા બાદ પીએસઆઈ બી.યુ. મુરીયા તથા જે.એમ. પરમારની ટીમે સી.સી.ટીવી ફુટેજ તથા અન્ય સુરાગને આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જેથી મોબાઈલ સર્વેલન્સમાં ગાડી સાથે અન્ય એક ઈકો કાર નં. જીજે.૩૮.બી.૬૧૯૫ લઈ આવ્યા હોવાનું જણાયુ હતુ. જેથી પોલીસે ગાડીના નંબરને આધારે વિરમગામના મહમદઅનીશ હબીબભાઈ સોલંકીની અટક કરી વધુ તપાસ કરતા આ ગુનામાં બનાસકાંઠા જિલ્લાના સમી ગામના હનીફભાઈ ઉર્ફે સબ્બીરભાઈ બેલીમ, રાજસ્થાનના સલુમ્બરના મહેશભાઈ સંદિપ શર્મા, જયેશ નામનો શખ્સ તથા અન્ય એક શખ્સ સંડોવાયેલા હોવાથી પોલીસે તેમને ઝડપી લેવા માટે ચારેય દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જેમાં મહેશ સંદિપ શર્મા નામના બેનામધારી શખ્સને અરવલ્લી જિલ્લાના મેઢાસણ ખાતેથી ઝડપી લેવામાં આવ્યા બાદ તેનુ સાચુ નામ મહિપતસિંહ ઉર્ફે રામવાળો ઉર્ફે સીતારામ ચંપુભા ઝાલા (રહે. ઝીંઝુવાડા, તા. પાટડી, જી. સુરેન્દ્રનગર) હોવાનું જણાયુ હતુ.

જો કે તેની વિરૂદ્ધ વર્ષ ૨૦૨૦માં વડોદરા જિલ્લાના સાવલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હોવાથી પોલીસે તેની ગત તા. ૨૮ ઓગષ્ટના રોજ ખાખરીયા ગામેથી ઝડપી લીધો હતો સાથોસાથ સોહનલાલ માંગીલાલ ભઈલાલાને પણ રૂ. ૨૦ હજારની બે પીસ્તોલ તથા નવ કારતુસ અને બાઈક સાથે ઝડપી લીધા બાદ તે અંગે સાબરકાંઠા પોલીસને જાણ થતા ખેડબ્રહ્માની લૂંટમાં તે સંડોવાયેલો હોવાનું જણાતા સોમવારે મુખ્ય સૂત્રધાર ગણાતા ચંપુભા ઝાલાને સોમવારે હિંમતનગર લવાયો હતો. જો કે પોલીસે અગાઉ કેટલીક માહિતીને આધારે મહેસાણા જિલ્લાના બહેચરાજી તાલુકાના આદીવાડા ગામના હિતેશભાઈ હરગોવિંદભાઈ દેસાઈ તથા બહેચરાજી તાલુકાના હેંચડી ગામના સુખાજી જાલુભા ઝાલા અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામના મહાવીરસિંહ રણવીરસિંહ જોધ્ધા નામના શખ્સને દબોચી લીધો હતો.

ત્યારબાદ આ તમામ લોકો પાસેથી પોલીસે લાંબી લમણાજીક કર્યા બાદ આ લોકોએ અલગ અલગ જગ્યાએ અલગ અલગ શખ્સોને સાથે રાખીને લૂંટની છ ઘટનાઓને અંજામ આપ્યો હતો. લૂંટ કર્યા બાદ આ શખ્સો કેટલીક રકમ સહયોગીઓને આપીને બાકીની રકમમાંથી વિવિધ સ્થળે પોલીસથી બચવા માટે ફરતા હતા. અને એશઆરામની જીંદગી જીવતા હતા. ઉલ્લેખનીય છે કે પકડાયેલા શખ્સો પૈકી કેટલાક શખ્સોએ વર્ષ ૨૦૧૮માં કડી ખાતેથી રૂ. ૪૪ લાખના થેલાની લૂંટ કરી પાવાગઢ ભાગી ગયા હતા. જેમાં લૂંટની રકમમાં ભાગ બાબતે ઝગડો થયો હતો. જેથી તેમની વચ્ચે તીરાડ પડી હતી. ઉપરાંત ડીસા, ધાનેરા, બેંગ્લોર અને મહેસાણામાંથી પણ લૂંટ કરી હતી. જેથી પોલીસને તેનો સુરાગ મળતા વર્ષ ૨૦૧૮ માં સિદ્ધપુર-મહેસાણા હાઈવે પર આવેલ આઈઓસી બસસ્ટેન્ડ પાસે થયેલી લૂંટનો ગુનો પણ ઉકેલવામાં સફળતા મળી છે. ઉલ્લેખનીય છે કે વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા તથા પકડાયેલા શખ્સો પાસેથી મળેલી માહિતી બાદ પોલીસને થાપ આપી સંતાતા ફરતા બે શખ્સોને પોલીસે શોધવા માટે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં વિગતો મોકલી આપી છે.

ચંપુભા ઝાલાએ પાટડીમાં લૂંટ ચલાવી હતી

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખાતે વર્ષ ૨૦૧૪માં ચંપુભા ઝાલા નીકુ નામના શખ્સ સાથે સંપર્કમાં આવ્યા બાદ મધ્યપ્રદેશના એક શખ્સની મદદથી અન્ય એક ઈસમ સાથે પાટડીની ઠાકર જ્વેલર્સ નામની દુકાનમાંથી સોના-ચાંદી ભરેલો થેલો લઈ ભાગતા મહિપતરામ ઉર્ફે ચંપુભા ઝાલાએ બે રાઉન્ડ ફાયરીંગ કર્યુ હતુ. જે અંગેની ફરીયાદ તત્કાલિન સમયે પાટડી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

કડીમાંથી ૪૪ લાખની લૂંટ કરી હતી

વર્ષ ૨૦૧૮માં હિતેશભાઈ દેસાઈ, સુખાજી ઝાલા તથા મુકેશ સોમાભાઈ પટેલે લૂંટનો પ્લાન બનાવતા પહેલા રેકી કરીને લૂંટનું કાવતરૂ ઘડ્યુ હતુ. જેમાં રાજુ મરાઠી ઉર્ફે અશોક મરાઠી નામનો ભેજાબાજ પણ સામેલ હતો જો કે તે દોઢેક વર્ષ અગાઉ વાપી ખાતે પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો. જોકે કડીમાં એક્ટીવા પાછળ બેઠેલ ઈસમ પર તીક્ષ્ણ હથીયારથી હુમલો કરી અંદાજે રૂ. ૪૪ લાખનો રોકડ રકમની લૂંટ કરી તેઓ પાવાગઢ ભાગી ગયા હતા. જ્યાં હિતેશભાઈ દેસાઈને રૂ. ૨.૫૦ લાખ આપીને બસમાં પરત મોકલી દીધા હતા. ત્યારબાદ લૂંટમાં ભાગ બાબતે ઝગડા પણ થયા હતા.

ચંપુભા ઝાલાએ ૩૦ હજારમાં પીસ્તોલ વેચી દીધી હતી

વર્ષ ૨૦૧૯માં ખેડબ્રહ્મા ખાતેની આંગડીયા લૂંટ તથા રેકી કરવા માટે પદ્યુમનસિંહ ઉર્ફે રાજેન્દ્રસિંહ ઉર્ફે પદુભા નવલસિંહ ઝાલા (રહે. રાંદલનગર, જામનગર) ચંપુભા ઝાલાએ ધાંગધ્રાના રોહીતસિંહ ઉર્ફે રણજીતસિંહ ઝાલા ઉપરાંત રાજકોટના શક્તિસિંહ ઝાલાએ ભેગા મળી ડીસા ખાતે આંગડીયાવાળા બે શખ્સો પાસેથી સોના-ચાંદીના દાગીના ભરેલો થેલો લૂંટી લઈ પીસ્તોલથી ફાયરીંગ કર્યુ હતુ. જે પીસ્તોલ ચંપુભાએ સમીના હનીફભાઈ ઈમામભાઈ બેલીમને રૂ. ૩૦ હજારમાં વેચી દીધી હતી.

બાયડ માર્કેટયાર્ડમાં વાઈસ ચેરમેન તરીકે બિનહરીફ વરણી

બાયડ તાલુકાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, બાયડમાં ક્ષત્રિય સમાજના આગેવાન ગણપતસિંહની વાઈસ ચેરમેન તરીકે બિનહરીફ વરણી કરવામાં આવતાં માર્કેટયાર્ડના ડિરેક્ટરોએ અભિનંદન પાઠવ્યા હતા. બાયડ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ચિમનભાઈ પટેલે સમર્થન આપતાં વાઈસ ચેરમેન તરીકે ગણપતસિંહની બિનહરીફ વરણી થવા બદલ સહકારી આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

ખલીકપુર આંગણવાડી બાળકોને બિસ્કીટ વિતરણ

મોડાસા, તા. ૧૫

આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ પૂર્વે ચાલી રહેલા સેવા સપ્તાહના ભાગરૂપે મોડાસા તાલુકાની ખલીકપુર આંગણવાડી બાળકોને બિસ્કીટ વિતરણ કર્યું.

આ પ્રસંગે જાયન્ટ્સ મોડાસાના પ્રમુખ નરેન્દ્ર પટેલ, ખલીકપુર સરપંચ ખાંટ હસમુખભાઈ, ઉપ સરપંચ કરુણાબેન ભાવસાર, તલાટી રબારી ઈશ્વરભાઈ હાજર રહ્યા.

બાયડ તાલુકાના મેરાટીબા ગામે

ઘરકામ બાબતે બોલાચાલી થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો

બાયડ, તા. ૧૫

બાયડ તાલુકાના મેરાટીબા (કલાજીનામુવાડા) ગામે ઘરકામ બાબતે બોલાચાલી થતાં પાંચ સામે સાઠંબા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવા પામી હતી. આ અંગે મળતી માહિતી મુજબ શોભનાબેન ધીરજભાઈ શનાજી બારીયા ફરીયાદ અનુસાર મારી દિકરી જીગીશાને ઘરના કામકાજ બાબતે અવાર-નવાર ઠપકો કરતા હતા તેમજ ઘર આગળ ગામમાં જવા આવવાનો રસ્તો ઉપર નિકળવું નહી તેમ કહી મારી સાથે ઝઘડો કરી મનફાવે તેમ મા-બહેન સામે ગાળો બોલી ગડદાપાટુનો માર મારવા લાગેલ હતા. તેમજ ભવાનજી રાયભણજી, બુનીબેન જેમ ફાવે તેમ બોલી કહેવા લાગેલ કે તું વાંઝણી છે તેમજ ઘર આગળ ઈંટો પડી હોવાથી કમરના ભાગે ઈંટો મારતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આજે તુ બચી ગઈ છે પરંતુ એકલ દોકલ મળીશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા હતા. પોલીસે શોભનાબેન ધીરજભાઈ શનાજી બારીયા (રહે. મેરાટીબા-કલાજીના મુવાડા, સાઠંબા) લલિતાબેન ગેમસિંહબારીયા, ગેમસિંહ મનહરસિંગારીયા, ભવાનજી મેરાજી બારીયા, રાયભણજી મેરાજી બારીયા, રાયભણજી ભવાનજી બારીયા, બુનીબેન રાયભણજી બારીયા સામે કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪નો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસામાં તસ્કરો બેફામ, એક જ રાતમાં ત્રણ મકાનને બનાવ્યા નિશાન

કોરોના મહામારી અને લોકડાઉન દરમિયાન ધંધા-રોજગાર ઠપ્પ છે આર્થિક મદીના કારણે અનેક લોકો બેકાર બન્યા છે આવા કપરા સમયમાં પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ચૂક્યું છે ત્યારે આવી પરિસ્થિતિમાં તસ્કરો બેફામ બની એક પછી એક ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે. જેમાં રવિવારે એક જ રાતમાં તસ્કરોએ ડીસાની વિવિધ વિસ્તાર ત્રણ મકાનોને નિશાન બનાવી દાગીના સહિત રોકડની ચોરી કરી ફરાર થયા હતા.

ડીસામાં રવિવારે ત્રણ સ્થળે તસ્કરો ત્રાટકયા હતા અને રોકડ સહિત દાગીનાની ચોરી કરી હતી જેમાં ડીસાના સોમનાથ ટાઉનશીપ નજીક રહેતા ચન્દ્રકાન્તભાઈ પુનમચંદ પટેલ બહાર ગયા હોય તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને ચોરી કરી હતી પરંતુ મકાન માલિક હાજર ન હોઈ કેટલી ચોરી થઈ તે જાણી શકાયું નથી. આ ઉપરાંત



રેલવે સ્ટેશન વિસ્તાર નજીક આવેલ વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા નટવરજી વદનજી ઠાકોરના બંધ મકાનમાં અજાણ્યા શખ્સોએ હાથફેરો કર્યો હતો. જેમાંથી તસ્કરોએ ૪૦ હજાર રોકડા, વીંટી, દોરો અને બેબીના પાંચ દાગીના લઈને ફરાર થયા હતા તેમજ ઘરમાં પડેલ દસ્તાવેજોની ચોરી કરતા પણ અનેક તર્કવિતર્ક સર્જ્યા હતા. ડીસા સુભમ પાર્ટી પ્લોટ નજીક આવેલ શ્રીનિવાસના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા જેમાં મકાન માલિક તેમના પિતાના અવસાન થતાં સામાજિક કામ અર્થે ૧૦ દિવસથી બહાર ગયા હોઈ તસ્કરોએ હાથફેરો કર્યો હતો. જેમાં ૨૦ હજાર રોકડા દાગીના સહીત સવા લાખનો મુદામાલની ચોરી કરી તસ્કરો થયાં ફરાર થઈ ગયા હતા આ મામલે દક્ષિણ પોલીસની ટિમ પણ દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પર કાર પલ્ટી ખાવાનો સિલસિલો યથાવત

પ્રાંતિજના મજરા પાસે કારચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર બે પલ્ટી ખાઇ ગઇ : કારમાં સવાર બે ને ઇજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લા અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના મજરા પાસે રાજસ્થાન

તરફથી અમદાવાદ તરફ જતા કારચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમવતા કાર રોડની વચોવચ આવેલ ડીવાઈડર ચડી રોડની રોંગસાઈડમાં જઈને બે પલ્ટી ખાઈ ગઈ હતી તો કારમાં સવાર બે યુવાનોને ઈજાઓ પહોંચી.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર જાણે હાલ યમરાજાએ ધામા નાખ્યા હોય તેમ એક પછી એક અકસ્માતનો સિલસિલો યથાવત છે તો બીજી તરફ રોડ ઉપર પડેલ ખાડાખડીયાને લઈને અકસ્માતોમાં વધારો થયો છે. તગડો ટોલ ઉઘરાવતી નેશનલ હાઈવે ઓથોરીટીના પાપે હાલ તો અકસ્માતોના બનાવો હાલ વધવા માડયા છે, ત્યારે અકસ્માતોને લઈને લોકોએ જીવ પણ ગુમાવવાનો વારો આવ્યો છે. કેટલાક લોકોએ અકસ્માતમાં હાથપગ ભાગવાનો વારો આવ્યો છે. ત્યારે આજે રાજસ્થાન તરફથી અમદાવાદ તરફ જતી કાર આરજે.૧૨.સીએ.૪૮૩૧નો ચાલક પોતાની કાર ફુલ ફાસ્ટ હંકારીને જઈ રહ્યો હતો તે સમયે પ્રાંતિજના મજરા પાસે કારચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર રોડ વચ્ચે આવેલ ડીવાઈડર કુદીને રોડની રોંગસાઈડે હિંમતનગર તરફ આવતા રોડ ઉપર બે પલ્ટી ખાઈ ગઈ હતી. આજુબાજુમાથી લોકો દોડી આવ્યા હતા અને કારમાં સવાર વરૂણ પદમેશ ગાંધી ઉ. વર્ષ-૩૫ તથા હિંમાશુ ભાવસાર ઉ.વર્ષ-૩૮ બન્ને. રહે. ડુંગરપુર રાજસ્થાન બન્ને ઈજાગ્રસ્તોને દોડી આવેલ લોકો દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા. બન્ને યુવાનો ધંધાઅર્થે અમદાવાદ ખાતે જઈ રહ્યા હતા તો બન્ને ઈજાગ્રસ્તોને ઝડપી સારવાર મળે તે હેતુથી સંદેશના પત્રકાર મિતેશભાઈ શાહ દ્વારા તેમણી ગાડીમાં તાત્કાલિક પ્રાંતિજ ખાતે આવેલ સિવિલ ખાતે લઈ ગયા હતા. તેમણે માનવતાનું કાર્ય કર્યું હતું.

પાલનપુરના વેપારીની હત્યાનો ભેદ ઉકેલવા કલેકટરને આવેદનપત્ર

પાલનપુરના વેપારીની નિર્મમ હત્યા કરેલો મૃતદેહ બે મહિના અગાઉ આકેસણ ગામની સિમમાંથી મળી આવ્યો હતો. જોકે, આરોપીઓની કોઈ ભાળ ન મળતા પ્રજાપતિ સમાજે સોમવારે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. પાલનપુર તાલુકા પંચાયત સામે ગારમેન્ટની દુકાન ધરાવતા લક્ષ્મીપુરાના વેપારી દલપતભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિની તારથી બાંધી સળગાવી દઈ હત્યા કરાતાં ચકચાર મચી જવા પામી હતી. જેમનો મૃતદેહ આકેસણ - વેડંચા ગામની સિમમાંથી મળી આવ્યો હતો. આ અંગે મૃતકના પુત્ર સંદિલકુમારે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બનાવ ને આજે ૬૧ દિવસ વિતવા છતા આરોપીઓની કોઈ ભાળ ન મળતા મૃતકના પરિવારજનો સહીત ગુજરાતભરના પ્રજાપતિ સમાજના આગેવાનોએ સોમવારે જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી આ તપાસ સી.બી.આઈ ને સોપવા અને આરોપીઓને ઝડપી પાડી ન્યાય અપાવવાની માંગ કરી હતી. આ અંગે પાલનપુરના ભાજપના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિએ પણ પોલીસની ભૂમિકા સામે સવાલ ઉઠાવ્યા હતા. ખુદ પોલીસ હત્યાને આત્મહત્યામાં ખપાવવાના પ્રયાસ કરી રહી હોવાના આક્ષેપો કર્યા હતા.

હાથમતી નદી પર પુલના અભાવે કમઠાડીયા ગામમાં મૃતકની અંતિમ વિધિ માટે ડાઘુઓને ભારે હાલાકી

ભિલોડા,તા.૧૫

આઝાદીના ૭ દાયકાઓ પછી પણ અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો હજુ પણ વિકાસથી વંચિત છે.ગતિશીલ ગુજરાત અને વાયબ્રન્ટ ગુજરાતના નામે

વિશ્વમાં અને ભારત દેશમાં વિકાસશીલ રાજ્યની વાહવાહી વચ્ચે અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો તરફ એક નજર કરવાની તાતી જરૂરીયાત છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ધ્વારા ધોરીમાર્ગો અને પુલ પાછળ કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે પરંતુ અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું કે અમારે પણ વિકાસ જોવો છે. ચોમાસા દરમ્યાન અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજાજનોની હાલત અત્યંત દયનીય છે.

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજાજનો કલ્પાંત કરી રહ્યા છે.ભિલોડા તાલુકાના કમઠાડીયા ગામ પાસેથી હાથમતી નદી પસાર થાય છે પરંતુ પુલના અભાવે ગ્રામ્ય વિસ્તારો ચોમાસા દરમ્યાન સંપર્ક વિહોણા હોઈ અંતિમ સંસ્કાર વિધિ દરમ્યાન હાથમતી નદીના વહેતા પાણીમાંથી ડાઘુઓને નનામી લઈને જીવના જોખમે પસાર થવું પડતુ હોય છે. લલીતાબેન કમલેશભાઈ બુવડ, આશરે ઉંમર વર્ષ-૪૫ જેઓનું અવસાન થયું હતું તે દરમ્યાન ડાઘુઓને હાથમતી નદીમાંથી નનામી લઈને પસાર થતા હતા તે દરમ્યાન ભારે હાલાકી ભોગવવી પડી હતી.

કમઠાડીયા ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ ઈન્દુબેન ભાવિનભાઈ તબીયારના જણાવ્યા મુજબ લેખિત, મૌખિક ધારદાર રજુઆતો ઉચ્ચ કક્ષા સુધી કરવા છતા વર્ષો જુની માંગણી છે કે કમઠાડીયા ગામ પાસે હાથમતી નદી પસાર થાય છે. ચોમાસા દરમ્યાન પ્રજાજનોને અવરજવર કરવામાં ભારે હાલાકી ભોગવવાનો વારો આવતો હોય છે. હાથમતી નદી પર સત્વરે પુલ બનાવવામાં આવે તેવી માંગણી છે.

ભારતના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના ૭૦મા જન્મદિન નીમિત્તે સેવા સપ્તાહ તા. ૧૪ થી ૨૦ સપ્ટેમ્બર-૨૦૨૦ સુધી સેવાકીય કાર્યક્રમ અંતર્ગત મોડાસા તાલુકા ભાજપા સંગઠન દ્વારા ૭૦ વૃક્ષોનું વૃક્ષારોપણ અને સફાઈનો કાર્યક્રમ જિલ્લા મહામંત્રી એસ.એમ. ખાંટની ઉપસ્થીતિમાં મડાસણાં મહાદેવ મંદિર ખાતે યોજાયો હતો. આ પ્રસંગે મોડાસા તાલુકા પ્રમુખ ભીખુસિંહ પરમાર, મહામંત્રી રમેશભાઈ પટેલ તથા અંકિતભાઈ પટેલ અને કાર્યકર્તા ઉપસ્થીત રહ્યા હતા. ત્યારે કાર્યકર્તાની સાથે આગામી કાર્યક્રમોને સફળ બનાવવા અંગે બેઠક યોજવામાં આવી અને ત્યાર બાદ પેઝ પ્રમુખ બનાવવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

તાલુકાના ઉટરડા ગામે કોંગ્રેસ દ્વારા મીટીગ યોજાઈ

બાયડ કોંગ્રેસ દ્વારા જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની ચૂંટણી આવતી હોવાની તારીખ ૧૩.૯.૨૦૨૦ ના રોજ ઉટરડા તાલુકા પંચાયત સીટ અને જીલ્લા પંચાયત સીટ મીટીગ ભવ્ય નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાયડ ધારાસભ્ય જશુભાઈ પટેલ બાયડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ અશોક સિંહ સહિત અને હોદ્દેદારો તથા કાર્યકરો હાજર રહ્યા હતા

દાંતીવાડા સીપુ યોજનાના એન્જિનીયર પાસેથી ૫૩.૧૯ લાખની અપ્રમાણસર મિલકત મળી

પાલનપુર

બનાસકાંઠા એસીબીની ટીમે અગાઉ નહેરના કામના બીલની ચૂકવણીમાં રૂપિયા ૧૫૦૦૦ની લાંચ લેતા દાંતીવાડા સીપુ યોજનાના નાયબ એન્જીનિયર અને તત્કાલીન ઈન્ચાર્જ એજ્યુકેટિવ એન્જીનિયરને ઝડપી લીધા હતા. જેમની મિલ્કતની તપાસ દરમિયાન રૂપિયા ૫૩.૧૯ લાખની અપ્રમાણસર મિલકત મળી આવતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દાંતીવાડા સીપુ યોજનાના નાયબ એન્જીનિયર અને તત્કાલીન ઈન્ચાર્જ એજ્યુકેટિવ એન્જીનિયર મૂળ વડગામ તાલુકાના વરણાવાડાના અને હાલ પાલનપુર શુકન સોસાયટીમાં રહેતા વસંતભાઈ તળસીભાઈ ચૌહાણને અગાઉ બનાસકાંઠા એસીબીની ટીમે સીપુ યોજનાની નહેરની પ્રોટેક્શન દીવાલ કામના મંજુર થયેલા ટેન્ડરના બીલની ચૂકવણીમાં રૂપિયા ૧૫૦૦૦ની લાંચ લેતા ઝડપી લેવાયા હતા. જેમની સામે પાલનપુર એસીબી કચેરી ખાતે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન જેમની મિલ્કતની તપાસ કરવામાં આવી હતી. જેમાં તેમના પરિવારના સભ્યોની મિલ્કત સબંધી દસ્તાવેજી પુરાવાઓ તેમજ બેંક ખાતાઓમાંથી માહિતી મેળવવામાં આવતાં તેમની કાયદેસરની આવકના સાધનોની થયેલી કુલ આવક ૯૬,૧૩,૭૯૧ છે. જેની સામે તેમણે કરેલું રોકાણ ૨,૪૯,૩૩,૧૮૧ કરેલું છે. આમ તેમણે રૂપિયા ૫૩,૧૯,૩૯૦ની વધુ અપ્રમાણસર મિલકત વસાવી હોવાનું ખુલ્યું છે. જે કાયદેસરની આવકની સરખામણીમાં ૫૭.૯૯ ટકા જેટલી વધુ છે. જેમની સામે ભ્રષ્ટાચાર નિવારણની કલમ મુજબ ગૂનો નોંધી પાટણ એસીબી પીઆઈ એસ. એસ. આચાર્ય વધુ તપાસ ચલાવી રહ્યા છે.